# <u>Annexure - 1</u>

# -: શરતો:-

| | |
|---|---|
| ૧. | ભાવો ભરતાં પહેલાં સાઇટ પર ચકાસણી કરી લેવાની રહેશે. આથી હયાત બાંધકામ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ તોડવાનો રહેશે. હયાત બાંધકામ સંપૂર્ણપણે તોડી નાંખવાનું રહેશે. ત્યારબાદ જમીનને સમતલ કરી આપવાની રહેશે. પાછળથી આ બાબતે કોઇ તકરાર ચાલશે નહીં. |
| ૨. | જે ઇસમની સૌથી ઉંચી ઓફર આવેલ હશે તે સક્ષમ કક્ષાએથી સ્વીકાર થયે માન્ય ગણાશે. દરેક ઈસમે અંદાજીત રકમના ના **<u>૨૫ % રકમ લેખે અંદાજીત ૫૦,૦૦૦</u>** ઓન લાઈનભાવ પત્રક ની સાથે ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે સ્કેન કરી અપલોડ કરવાના રહેશે તેમજ બાકીની રકમ ભાવપત્રક મંજુર થયેથી દિન-૧૦ માં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા માત્ર માન્ય શિડ્યુઅલ નેશનલાઇઝડ બેંકનો કાર્યપાલક ઇજનેરશ્રી, મેડિકલ (માxમ) વિભાગ, અમદાવાદ ના નામનો કઢાવી જમા કરાવ્યા બાદ જ ઠેકેદારને વર્ક ઓર્ડર આપવામાં આવશે. ઈજારદારે ભરેલ ભાવ સિવાયના વધારાના ૫૦,૦૦૦/- ડિપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે અને કામ પૂર્ણ થયા બાદ "કામ સંતોષકાર રીતે પૂર્ણ થયાનો અહેવાલ" જે તે ચાર્જના સેકશન અધિકારીશ્રી તેમજ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી તરફથી મેળવવાનો રહેશે જેને અનુલક્ષીને ડિપોઝીટ પરત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૩. | કામ ચાલુ કરવાના હુકમો મળ્યેથી સમગ્ર કામગીરી **દિન- ૧૨૦** માં એટલે કે જમીનદોસ્ત પાયા સહિત અને પાયામાં રહેતી ઇંટો, કોંક્રીટ કાઢી જમીન સમતલ કરી કાટમાળ લઇ જવાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે તો મુદ્દત વિતે કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિદિન રૂા.૫૦૦/-ની પેનલ્ટી ભરવાની રહેશે. પેનલ્ટીની રકમ વધુમાં વધુ ઓફર કિંમતના ૧૦ ટકા સુધી મર્યાદિત રહેશે. આમ છતાં જો કામગીરી પુર્ણ કરવામાં નહીં આવે તો બનાની / જામીન અનામતની રકમ જેટલી પેનલ્ટી થઇ હશે તો તે બાનાની / જામીન અનામતની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ અધુરી કામગીરી અન્ય ઇસમ પાસે ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે કામગીરી પુર્ણ કરવામાં આવશે. જેની કોઇ દાદ ફરીયાદ ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૪. | આ કામગીરી કરતી વખતે જમીનદોસ્ત કરતી વખતે તેમજ જમીન દોસ્ત કરેલ કાટમાળ લઇ જતી વખતે સરકારી માલમિલ્કત ઉપર જણાવેલ મકાન સિવાયના મકાનોને નુકશાન થશે તો તેને મરામત કરવા અંગેની જવાબદારી જે તે ઇસમની રહેશે. તે અંગે કોઇ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં. |
| ૫. | આ કામગીરી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી બાંધકામ (માં. મ) પેટા વિભાગ-૨ , અમદાવાદ તરફથી જે તે સમયે સુચના આપવામાં આવે તે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે. |
| ૬. | આ કામગીરી કરતી વખતે જેવી કે જમીનદોસ્ત કરતી વખતે જમીન દોસ્ત કરેલ કાટમાળ લઇ જતી વખતે વિગેરે વખતે કોઇપણ જાતનો જાનમાલનું નુકશાન થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે. ઇસમને ઇજા થાય અથવા મૃત્યુ થશે તો તે અંગેના વળતરની સમગ્ર જવાબદારી ઠેકેદારશ્રીની શીરે રહેશે અને આ અંગે તેઓને વિમો ઉતારી લેવાનો રહેશે. |
| ૭. | કામ સંતોષકારક રીતે પૂર્ણ થયાનો અહેવાલ જે તે ચાર્જના સેકશન અધિકારીશ્રી તેમજ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી તરફથી આપવામાં આવશે તેને અનુલક્ષીને જ અત્રેની કચેરી તરફથી બાનાની / જામીન અનામતની રકમ રીફંડ આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે. |
| ૮. | ટેન્ડર મંજુર થયા બાદ અને કામ ચાલુ કરવાના હુકમો આપ્યા બાદ કોઇપણ માલસામાનની ચોરી કે વધઘટ અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહીં. |

| | |
|---|---|
| ૯. | જે રકમ ટેન્ડરમાં ભરેલ હશે તેનો નિયમ મુજબ પ્રવર્તમાન જી.એસ.ટી. સરકારશ્રીમાં જમા કરાવ્યા બદલનો પુરાવો અસલમાં અત્રે જમા કરાવવાનો રહેશે. અન્ય ટેક્ષ કે ઇન્કમટેક્ષ, સર્વિસ ટેક્ષ, ઓકટ્રોય કે અન્ય વેરા સરકારી ધારાધોરણ પ્રમાણે ચૂકવવાનો રહે તો તે ચુકવણાની જવાબદારી ઠેકેદારના શીરે રહેશે. |
| ૧૦. | હયાત બાંધકામ તોડવા માટે જરૂરી મશીનરી ઇજારદારે પોતાના ખર્ચે લાવવાની રહેશે. |
| ૧૧. | હયાત બાંધકામ તોડવા માટે કોઇપણ પ્રકારના વિસ્ફોટક પદાર્થો વાપરવા દેવામાં આવશે નહીં. તેમજ કામના સ્થળની આજુ બાજુ સેફટી માટે બેરીકેટીંગ લગાવવાના રહેશે. જેનો ખર્ચ ઇજારદારે ભોગવવાનો રહેશે. તેમજ આજુ બાજુ રહેતા રહીશો અને સરકારી મિલ્કતને કામગીરી કરતા નુકશાન થાય તો તે નુકશાન ઇજારદારે ભોગવવાનો રહેશે. તેમજ સદર બ્લોકોની આજુ બાજુનો વિસ્તાર રહેણાંકનો હોઇ આ કામગીરી કરતી વખતે આજુ બાજુના રહીશોને અડચણરૂપ ન થાય તે પ્રમાણે અને સમયે કામગીરી કરવાની રહેશે. |
| ૧૨. | ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે. |
| ૧૩. | હયાત ટેન્ડરમાં જણાવેલ બાંધકામ તોડવા માટેની કામગીરી દરમિયાન કોઈ પણ જમીનની અંદર રહેલી સુવિધાઓ , લાઈન , કેબલ વગેરે.. ઈજારદારે જાતે ચકાસી લેવાની રહેશે તેમજ કામગીરી શરૂ કરતા પહેલા અત્રેની કચેરીની જાણ અને મંજૂરી લઈને ઉક્ત કેબલ , લાઈન , સુવિધા વગેરે.. નોપોતાના ખર્ચે વૈક્લ્પિક વયવ્સ્થા કરવાની રહેશે તેમ છતાં જો ચાલુ કામગીરીમાં કોઈ હયાત કેબલ , લાઈન , સુવિધા તૂટી જાય તો પોતાના ખર્ચે તાત્કાલીક જરૂરી મરામત કરવાની રહેશે અન્યથા અન્ય ઇસમ પાસે ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે કામગીરી પુર્ણ કરવામાં આવશે. જેની કોઇ દાદ ફરીયાદ ધ્યાને લેવામાં આવશે નહીં. |
| | ઉપરોક્ત તમામ શરતો મેં / અમે સમજપૂર્વક વાંચેલ તે મને / અમને બંધનકર્તા છે અને તેનું સંપૂર્ણ પાલન કરવાની મારી / અમારી જવાબદારી છે તે બદલ બાંહેધરીપૂર્વક નીચે સહી કરૂં છું / કરીએ છીએ. |

નાયબ કાર્યપાલક ઈજનેર
બાંધકામ (માં. મ) પેટા વિભાગ-૨ ,
અમદાવાદ